ગુજરાતી સાપ્તાહિક 09-06-2022, Thursday Title Code : GUJGUJ17588 RNI No.: GUJGUJ/2021/80566 GUJARATI WEEKLY

# સત્ય મંથન

સત્ય • સ્વતંત્ર • સાર્થક

વર્ષ-૧ • અંક-૫૧ • તારીખ 09-06-2022 ગુરુવાર • પ્રકાશક, મુદ્રક અને માલિક : બસિયા તુષાર ગોવિંદભાઈ મુદ્રણ સ્થળ ભાવરાજ ઓફસેટ, 30 વિજય પ્લોટ, પશુદવાખાના પાછળ રાજકોટ. 360002 • પ્રકાશન સ્થળ મોમાઈ કૃપા. બાબરિયા કોલોની શે. નં. 2, પીપળીયા હોલ મેઈન રોડ પાસે, રાજકોટ. 360002 • તંત્રી : બસિયા તુષાર ગોવિંદભાઈ • કિંમત રૂ. ૩

Vol.-1 • Issue-51 • Date. 09-06-2022 Thursday • Printed, Published and Owen by Basiya Tushar Govindbhai Printed at Bhavraj Offset, 30 vijay plot, B/H pashudavakhana, Rajkot. 360002 • Published at Momai krupa, Babariya colony st. no. 2 Near Pipaliya hall main road, Rajkot. 360002 Editor : Basiya Tushar Govindbhai • Price Rs. 3

## આરબીઆઈની બેઠકમાં રેપો રેટના દરમાં ૦.૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો

નવી દિલ્લીઃ વધતી જતી મોંઘવારીને કાબુમાં લેવા માટે બુધવારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મહત્ત્વની બેઠક મળી હતી. આ બેઠક બાદ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈંટનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કરાયો છે. આ વધારાને પગલે હવે રેપો રેટ ૪.૪૦ ટકાથી વધીને ૪.૯૦ ટકા થઈ જશે. હવે તમારી બેંક લોન ચાલતી હશે તો તેનો હપ્તો એટલેકે, ઈએમઆઈ પહેલાં કરતા વધુ મોંઘી થશે. આરબીઆઈની આ જાહેરાત સાથે જ શેરમાર્કેટ પર પણ એની અસર જોવા મળી. સેન્સેક્સમાં ૪૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો.

લગભગ એક મહિનાના ગાળામાં રેપો રેટમાં આ સતત બીજો વધારો છે.રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે મોનેટરી પોલિસી કમિટીની જૂનની બેઠક બાદ આજે રેપો રેટમાં વધારાની માહિતી આપી હતી. રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની આ ત્રણ દિવસીય બેઠક સોમવારથી ચાલી રહી હતી અને આજે પૂરી થઈ. આ નાણાકીય વર્ષમાં આરબીઆઈ એમપીસીની આ ત્રીજી બેઠક હતી. બેઠકમાં, સમિતિના પાંચ સભ્યોએ ગવર્નર દાસના નેતૃત્વમાં મોંઘવારી અને આર્થિક વૃદ્ધિની આર્કિટેક્ચરલ પરિસ્થિતિ પર ચર્ચા કરી. બેકાબૂ ફુગાવાને જોતા સમિતિના સભ્યોએ સહમતિ દર્શાવી કે હાલમાં રેપો રેટ વધારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

ઉલ્લેખનીય છે કે અગાઉ રિઝર્વ બેંકએ લાંબા અંતર પછી ગયા મહિને રેપો રેટમાં અચાનક વધારો કરવાની જાહેરાત કરી હતી. ગવર્નર દાસે અચાનક આપાતકાલીન બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે રેપો રેટમાં ૦.૪૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે સેન્ટ્રલ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ અર્થવ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે ઈમરજન્સી બેઠક યોજી હતી. તે બેઠકમાં પણ, એમપીસીના સભ્યોએ સર્વસંમતિથી રેપો રેટમાં ૦.૪૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. આ સિવાય મે મહિનામાં રેપો રેટની સાથે રિઝર્વ બેંકે કેશ રિઝર્વ રેશિયોમાં ૦.૫૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. જો કે, એમપીસીએ એકમોડેટીવ મોનેટરી પોલિસી સ્ટેન્સ જાળવી રાખ્યું હતું.



સરકારી ડેટા અનુસાર, એપ્રિલ ૨૦૨૨માં છૂટક ફુગાવાનો દર ૭.૮ ટકા હતો, જે મે ૨૦૧૪ પછી સૌથી વધુ છે. એ જ રીતે, એપ્રિલ ૨૦૨૨ માં, જથ્થાબંધ ફુગાવાનો દર વધીને ૧૫.૦૮ ટકા થયો હતો, જે ડિસેમ્બર ૧૯૯૮ પછી સૌથી વધુ છે. એપ્રિલ મહિનામાં રેકોર્ડ ફુગાવા માટે ખાદ્ય અને ઈંધણનો ફુગાવો જવાબદાર હતો.

ખાદ્ય ફુગાવાની વાત કરીએ તો તે માર્ચમાં ૭.૬૮ ટકાથી વધીને એપ્રિલમાં ૮.૩૮ ટકા થઈ ગઈ છે. મે મહિનાના ફુગાવાના આંકડા હજુ જાહેર થયા નથી. જો કે ભૂતકાળમાં જે રીતે ટામેટાંના ભાવ વધ્યા છે તે જોતાં મોંઘવારીનો દર ઊંચો રહેવાની ધારણા છે. બીજી તરફ, સરકારે પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ ઘટાડવા, ક્રૂડ સોયાબીન અને સનફ્લાવર ઓઈલ પરની આયાત ડ્યુટી દૂર કરવા અને એવિએશન ફ્યુઅલની કિંમતમાં ઘટાડો કરવા જેવા પગલાં લીધા છે. આ પ્રયાસો મોંઘવારી થોડી નીચે લાવી શકે છે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું છે કે આરબીઆઈએ લાંબા સમય સુધી રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓને ટાંકીને ભારતના ફુગાવાના અનુમાનને અગાઉના ૫.૭ ટકાથી સુધારીને ૬.૭ ટકા કર્યો છે. વૈશ્વિક સ્તરે કોમોડિટીના ભાવ દબાણ હેઠળ છે. ફુગાવાના અનુમાનને વધારતા આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે આગામી ત્રણ ક્વાર્ટરમાં ફુગાવાનો દર ૬ ટકાથી ઉપર રહેવાની ધારણા છે. આરબીઆઈના જણાવ્યા અનુસાર એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ફુગાવાનો દર ૬.૩ ટકાના બદલે ૭.૫ ટકા રહેશે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તે ૭.૪ ટકા અને ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ૬.૨ ટકા રહેવાનો અંદાજ છે. તે જ સમયે, ચોથા ક્વાર્ટર એટલે કે જાન્યુઆરી-માર્ચ માટે મોંઘવારીનું અનુમાન ૫.૧ ટકાથી વધારીને ૫.૮ ટકા કરવામાં આવ્યું છે.

આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૩ માટે જીડીપી વૃદ્ધિનું અનુમાન ૭.૨ ટકા જાળવી રાખ્યું છે, જોખમો સમાનરૂપે સંતુલિત છે. તેણે ત્રિમાસિક ગાળામાં ૬.૨ ટકા, ત્રીજા ક્વાર્ટરમાં ૪.૧ ટકા અને ચોથા ક્વાર્ટરમાં ચાર ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. આ સિવાય આરબીઆઈનું અનુમાન છે કે આ વખતે ચોમાસું સામાન્ય રહેશે.

ઉલ્લેખનીય છે કે, આરબીઆઈ દ્વારા છેલ્લાં એક જ માસમાં બીજીવાર રેપો રેટમાં વધારો કરાયો છે. આ પહેલાં ૪ મેના રોજ આરબીઆઈએ રેપો રેટમાં અચાનક ૪૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો હતો. આ સમય દરમિયાન કેશ રિઝર્વ રેશિયો (ઝઈઈ) પણ ૦.૫૦ ટકાથી વધારીને ૪.૫ ટકા કરવાનો નિર્ણય લીધો હતો. દેશમાં મોંઘવારી સતત વધી રહી છે. દેશમાં મોંઘવારીનો દર સતત ૬ ટકાથી ઉપર રહ્યો છે. ત્યારે વધતી જતી મોંઘવારીને કાબુમાં લેવા માટે અને સામાન્ય લોકોને રાહત આપવા આરબીઆઈ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

---

### શક્ય એટલું શ્રેષ્ઠ કામ કરીશું

## પત્રકારો સાથે શુભેચ્છા મુલાકાતમાં રાજકોટના નવનિયુક્ત પોલીસ કમિશનરનું નિવેદન

તુષાર બસિયા (રાજકોટ): આજરોજ તારીખ ૮ જૂનના રોજ રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા પત્રકારો સાથે શુભેચ્છા મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાને પત્રકારો માટે કરવામાં આવેલા આયોજનમાં કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા પત્રકારો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં પત્રકારો અને પોલીસ વચ્ચે કાયદો અને વયસ્થા તેમજ પ્રજાલક્ષી બાબતો પર ચર્ચા થઈ હતી.

પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે આ આયોજનમાં પોલીસ દ્વારા પોલીસિંગ સિવાય કરવામાં આવતા કાર્યોની પણ માહિતી આપવા પ્રયાસ કર્યો હતો. સાથે જ તેઓએ જણાવ્યું હતુંકે શહેરના મહાજન સંઘ, ચેમ્બર ઓફ કોમર્સ સહિતના સંગઠનો સાથે મળી તેમની મુશ્કેલીઓ સમજી પોલીસ કાર્યવાહી તરફ આગળ વધશે.



સકારાત્મક અભિગમ સાથે યોજાયેલી બેઠકમાં સૌથી મોટી વાત એ રહી કે ૧૦૦% કામની ગુલબાંગના બદલે કમિશનરે શક્ય એટલું શ્રેષ્ઠ કાર્ય કરવાનો વાયદો કર્યો હતો. જે બાબત સૂચવે છે કે નવનિયુક્ત પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ જમીન સાથે જોડાઈ વાસ્તવિકતાના આધારે આગળ વધશે.

પત્રકારો દ્વારા ઓનલાઈન જુગાર, ટ્રાફીક, લેન્ગ્રેબિંગ, દારૂ-જુગાર અને યુવાનોમાં ડ્રગનું દુષણ મામલે સવાલો કરવામાં આવ્યા હતા. પોલીસ કમિશનરે જવાબમાં શક્ય એટલી વાસ્તવિકતા સમજાવવા અને આગળની કડક રણનીતિ બાબતે સમજ આપી હતી. સાથે જ અરજી પ્રથા બાબતે થયેલા સવાલના જવાબમાં કમિશરે યોગ્ય કાર્યવાહી શુનિશ્ચિત કરવાની ખાતરી આપી હતી.

પત્રકારો સાથે સંવાદ કરવાના સરાહનીય કાર્યક્રમને બિરદાવીએ છીએ. આશા છે કે, પોલીસ અને પત્રકારો વચ્ચે જ્યારે-જયારે 'સત્ય' હોય ત્યારે આ જ પ્રકારે સંવાદ સાથે પત્રકારોનું લેખન અને પોલીસની કાર્યવાહીઓ થતી રહેશે.

---

## વડાપ્રધાન મોદી મુસ્લિમ દેશોની વાત સાંભળે છે, પરંતુ ભારતના મુસ્લિમોની નહીં : અસદુદ્દીન ઓવૈસી

પયગંબર મોહમ્મદ પર વિવાદિત ટિપ્પણી મામલે એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ ફરી એકવાર નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. ઓવૈસીએ કહ્યું, મુસ્લિમ દેશોએ વાંધો ઉઠાવ્યો ત્યારે નુપુર શર્મા અને નવીન જિંદાલ પર કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ જ્યારે દેશના મુસ્લિમો પોતાનો અવાજ ઉઠાવી રહ્યા હતા ત્યારે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.



મહારાષ્ટ્રના લાતુરમાં એક રેલીને સંબોધતા તેમણે કહ્યું, 'અમે ગુસ્સે છીએ કે વડાપ્રધાને આ દેશના રહેવાસી મુસ્લિમો પર ધ્યાન આપ્યું નથી. પરંતુ જ્યારે બહારના દેશોએ સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો ત્યારે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી. નુપુર શર્મા અને નવીન જિંદાલનું નામ લીધા વિના તેમણે કહ્યું કે, "પયગંબર મોહમ્મદ પર વિવાદાસ્પદ નિવેદનો કરવા બદલ બંનેની ધરપકડ થવી જોઈએ. જો સરકારને લાગે છે કે તેઓ ખોટા છે, તો આ લોકોની ધરપકડ કરો, તો ન્યાય થશે. જો હું પીએમ મોદી વિરુદ્ધ અસભ્ય ભાષાનો ઉપયોગ કરું તો ભાજપના લોકો 'ઓવૈસીની ધરપકડ'નો મુદ્દો બનાવે છે, પરંતુ અમે ૧૦ દિવસથી તેમની ધરપકડની માંગ કરી રહ્યા છીએ, પછી અમે અમારી વાત પણ સાંભળતા નથી.

નુપુર શર્મા અને નવીન કુમાર જિંદાલની પ્રોફેટ વિરુદ્ધની વિવાદાસ્પદ ટીપ્પણીએ દેશવિરોધી તત્વોને સક્રિય બનાવ્યા છે, જ્યારે ભારત માટે રાજદ્વારી મુશ્કેલીઓ પણ ઊભી થઈ છે. અલકાયદાએ દેશના અનેક નગરો અને શહેરોમાં હુમલાની ધમકી આપી છે. કુવૈતે પહેલાથી જ તેના સ્ટોર્સમાંથી ભારતીય ઉત્પાદનો પાછી ખેંચી લીધી છે. કુવૈત, ઈરાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઓમાન, ઈન્ડોનેશિયા સહિત ૧૫ થી વધુ દેશોએ આ ટિપ્પણીનો વિરોધ કર્યો છે. બીજી તરફ, મુંબ્રા પોલીસે નુપુર શર્માને સમન્સ પાઠવીને ૨૨ જૂને હાજર થવા જણાવ્યું છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડએ પણ પયગંબર મોહમ્મદ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી પર કડક વલણ અપનાવ્યું છે.

મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા એક પત્ર જારી કરવામાં આવ્યો છે. પયગંબર મોહમ્મદ પર અપમાનજનક અને અભદ્ર ટિપ્પણી કરનારા બીજેપી નેતાઓને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાનું કહેવામાં આવ્યું છે પરંતુ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું કહેવું છે કે નુપુર શર્મા સામે કાયદાકીય કાર્યવાહી કરતી વખતે તેને સખત સજા થવી જોઈએ.

સત્ય મંથન
સત્ય • સ્વતંત્ર • સાર્થક
09/06/2022, Thursday 02
/satyamanthan.in
www.satyamanthan.in

# પર્યટન ક્ષેત્રે નૂતન ક્ષિતિજ : ‘ક્રૂઝ ટૂરિઝમ’ (૨)



ક્રૂઝ સંચાલનના પ્રયોગો

અત્યાર સુધી આપણે ત્યાં ચાર–પાંચ અગ્રણી ખાનગી સંચાલકોએ ક્રૂઝ જહાજો દોડાવવાં શરૂ કર્યાં છે. તેમાં સિંગાપોરની ‘સ્ટાર ક્રૂઝ’ના પ્રથમ ભારતીય ક્રૂઝશિપ ‘સુપર સ્ટાર લિબ્રા’એ ભારતમાં ર૦૦પથી ‘ક્રૂઝ પર્યટન’નાં દ્વાર ખોલ્યાં હતાં. ત્યારથી લોકો સ્થાનિક ક્રૂઝસફરો માટે જતા થયેલા. તે મુંબઈ–ગોવા, મુંબઈ–લક્ષદ્વીપ અને મુંબઈમાં પૂર્ણ રાત્રિની સહેલ કરાવતું. પરંતુ પછીથી સ્ટાર ક્રૂઝને ભારતમાંના તેના પ્રકલ્પો સંકેલી લેવા પડ્યા હતા.

બીજી કંપની ‘ઇન્ડિયન ઓસન ક્રૂઝે’ ૧લી ડિસેમ્બર,ર૦૦૯થી કોચીનથી ક્રૂઝ સેવા શરૂ કરેલી, જે ગોવાથી લક્ષદ્વીપ (વાયા મેંગલોર, કોચીન, ત્રિવેન્દ્રમ) રૂટનું સંચાલન કરતી હતી. પરંતુ આ બીજો પ્રયાસ પણ બંદરીય સત્તાવાળાઓની ઉદાસીન વૃત્તિને કારણે વિફળ ગયો. ત્રીજી કંપની ‘બ્લુ ઓસન ક્રૂઝે’ ૩૦મી ઑક્ટોબર,ર૦૧૦થી મુંબઈ–ગોવા–લક્ષદ્વીપની ક્રૂઝ ટ્રિપો શરૂ કરી હતી.

તે પછી જૂન,ર૦૧૧માં અમેત મેરિટાઈમ યુનિવર્સિટી (મદ્રાસ) દ્વારા ભારતનું પ્રથમ દેશી ક્રૂઝ લાઈનર ‘અમેત મેજેસ્ટી’ સાગરીસહેલ માટે શરૂ થયું હતું. આ જહાજ દેશની બે વિશાળ કાંઠાળપટ્ટીઓ પૈકી પૂર્વે બંગાળના ઉપસાગર ક્ષેત્રમાં પૂર્ણ રાત્રિની સહેલ અને વિશાખાપટનમ્, આંદામાન, શ્રીલંકા, થાઈલેન્ડનાં પેકેજો તથા પશ્ચિમે અરબી સમુદ્ર ક્ષેત્રમાં મુંબઈ, લક્ષદ્વીપ, ગોવા, કોચીન, માલદીવનાં પેકેજોનો પ્રવાસ કરાવે છે. અદ્યતન પ્રવાસી સુવિધાઓ સાથેનું આ લાઈનર એક હજાર પર્યટકો લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

મહારાષ્ટ્રમાં પણ શુભારંભ

મહારાષ્ટ્ર ૭ર૦ કિલોમીટરનો દરિયાકિનારો ધરાવે છે. સમાન્તરે મહારાષ્ટ્રમાં પણ જાહેર–ખાનગી ભાગીદારી ૮...૯ના ધોરણે મુંબઈ–કોંકણ વચ્ચે ક્રૂઝ લાઈનર શરૂ થવાના ઑક્ટોબર,ર૦૧૦માં સમાચાર ચમક્યા હતા. મહારાષ્ટ્ર પર્યટન વિકાસ નિગમ અને આંતરરાષ્ટ્રિય ક્રૂઝ કંપનીના આ સંયુક્ત સાહસ હેઠળ મુંબઈગરા ક્રૂઝ દ્વારા ગણતરીના કલાકોમાં કોંકણ પહોંચી શકે છે.

સામાન્યતઃ મુંબઈથી ગોવા/કોંકણનું અને એક રાત્રિની સહેલનું ભાડું ઉતારુ દીઠ પાંચથી બાર હજાર રૂપિયા જેટલું રહે છે. વધુમાં, ઉદ્યોગગૃહોને જહાજ પર કોન્ફરન્સ અને સેમિનાર યોજવા માટે તથા પરિવારોને વિશેષ પ્રસંગો ઉજવવા માટે ખાસ પેકેજો પણ અપાય છે.

દેશનાં બધાં બંદરોને એકસૂત્રે જોડવા માટેના ‘સાગરમાલા પ્રકલ્પ’ની મુંબઈ કચેરીના ઉદ્ઘાટન (ર૮–૧ર–૧૬) વેળા જાહેર થયું હતું તેમ મુંબઈમાં પર્યટનને પ્રોત્સાહન આપવા ૧૦૦ લકઝરિયસ ક્રૂઝો (વૈભવશાળી જહાજો) લાવવામાં આવશે, જે ગોવા અને કોચીનમાં પણ ઉપલબ્ધ કરાવાશે. આ આલિશાન ક્રૂઝમાં ૩૦ માળની હોટલ સહિત આનંદપ્રમોદની અનેક વૈભવી સવલતો હશે. પ્રવાસશોખીન ભારતીયો માટે આ સારા સમાચાર છે.

તો, ઉત્તરપ્રદેશ સરકારે પણ અયોધ્યાની સરયુ નદીમાં ક્રૂઝશિપ સફર શરૂ કરવા ૧પમી નવેમ્બર,ર૦૧૯ના જાહેરાત કરી છે. જોઈએ, હવે તેનો આરંભ ક્યારે થાય છે.

ગુજરાતમાં ક્રૂઝ અને ફેરી સેવા

ર૦૧૦ : ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. લાંબા સમુદ્રતટમાં ક્રૂઝ ટૂરિઝમનો વિકાસ થાય તે માટે પ્રવાસન વિભાગના સહયોગથી કચ્છના ૧૬મા રણ મહોત્સવ વખતે ‘બ્લુ ઓસન ક્રૂઝ’ દ્વારા મુંબઈ–ગુજરાત (કચ્છ) વચ્ચે ક્રૂઝ સેવા શરૂ થવાની જાહેરાત થયેલી, પણ ફળીભૂત ન થઈ.

ર૬–૧ર–ર૦૧૦ : ગુજરાતમાં પહેલું પેસેન્જર ક્રૂઝ લાઈનર ‘મિનરવા’ બ્રિટનથી ૩પ૦ પર્યટકો સાથે પોરબંદર આવ્યું.

રર–૧૦–ર૦૧૮ : સૌરાષ્ટ્રના ૧૩૦૦ કિ.મી. લાંબા સાગરકાંઠાનો ઉપયોગ કરવા સૌરાષ્ટ્ર–દક્ષિણ ગુજરાતને જોડતી ગુજરાતમાં પહેલી ‘રોપેક્સ ફેરી સર્વિસ’ ઘોઘા (જિ.ભાવનગર) અને દહેજ (જિ.ભરુચ) વચ્ચે શરૂ થઈ, પરંતુ એક વર્ષમાં જ તે બંધ પડી.

૧૮–૦૧–ર૦૧૯ : ‘વાયબ્રન્ટ ગુજરાત’ની ૯મી ગ્લોબલ સમિટમાં શિપિંગ કંપની જે. એમ. બક્ષીએ ગુજરાત મેરિટાઈમ બોર્ડ સાથે કચ્છ–સૌરાષ્ટ્રનાં ચાર બંદરો (માંડવી, દ્વારકા, પોરબંદર, વેરાવળ) ખાતે ક્રૂઝ ટર્મિનલો વિકસાવવા અંગે કરારો કર્યા.

૧પ–૧૧–ર૦૧૯ : સુરતથી મુંબઈ (બાન્દ્રા–વરલી સી લિંક) વચ્ચે ક્રૂઝજહાજ ‘મુંબઈ મેઈડન’ની સાપ્તાહિક ક્રૂઝસેવાનો આરંભ.

૦૮–૧૧–ર૦ર૦ : ગુજરાત મેરિટાઈમ બોર્ડ, કંડલા પોર્ટ ટ્રસ્ટ અને ઈન્ડિગો સી–વેઝના સંયુક્ત સંચાલન તળે ઘોઘા–હજીરા (જિ.સુરત) વચ્ચે નવી ફેરી સેવા આરંભાઈ, જે દિવસમાં ત્રણ વખત ચાલશે. તેનાથી આ બે સ્થળો વચ્ચે ૩૦૦ કિ.મી.નું અંતર, આઠ કલાકનો સમય અને વર્ષે નવ હજાર લીટર ઈંધણની બચત. ભવિષ્યમાં સુરત–પીપાવાવ (જિ.અમરેલી), દીવ–હજીરા અને પીપાવાવ–મુંબઈને પણ જળમાર્ગે જોડવાનું આયોજન.

૧ર–૦૧–ર૦ર૧ : ગુજરાતની નવી પ્રવાસન નીતિ (ર૦ર૧–રપ) મુજબ રાજ્યમાં ’રિવરફ્રન્ટ ટૂરિઝમ’ને પ્રોત્સાહન આપવા ૧પ ટકા કેપિટલ સબ્સિડી (રૂ.રપ લાખની મર્યાદામાં) આપવાની ઘોષણા.

૩૧–૦૩–ર૦ર૧ : દીવ–હજીરા–સુરત વચ્ચે ક્રૂઝ સેવાનો પ્રારંભ.

કેવડિયામાં ક્રૂઝ અને સી–પ્લેન

સ્ટેચ્યુ ઑફ યુનિટી પરિસર, કેવડિયા (જિ.નર્મદા) ખાતે તાજેતરમાં નવાં પ્રવાસી આકર્ષણો ઉમેરાયાં છે. નર્મદા નદીમાં નૌકાવિહાર દ્વારા સાતપુડા–વિંધ્યાચળ પર્વતમાળાની હરિયાળીનો આનંદ મળે તે હેતુથી અહીં ૩૦મી ઑક્ટોબર,ર૦ર૦થી ફેરી બોટ સેવા ‘એકતા ક્રૂઝ’નો આરંભ થતાં તેમાં ‘ક્રૂઝ ટૂરિઝમ’નો રોમાંચ પણ ઉમેરાયો છે. આ ક્રૂઝ દ્વારા ર૦૦ પર્યટકો ૬ કિ.મી. સુધી અને ૪૦ મિનિટ નૌકાયનનો આહ્લાદક આનંદ મેળવી શકે છે.

તેના બીજા દિવસ ૩૧–૧૦–ર૦ર૦થી કેવડિયા–અમદાવાદ વચ્ચે ભારતની પ્રથમ વ્યાપારી જળવિમાન (સી–પ્લેન) સેવા પણ શરૂ થતાં ભારતમાં હવાઈ–સહ–જળસપાટી પરિવહન (એર–કમ–સર્ફેસ ટ્રાન્સપોર્ટ)નો એક નવો યુગ આરંભાયો છે. આનાથી આ બંને સ્થળો વચ્ચે પ્રવાસસમય ૪ કલાકથી ઘટીને માત્ર ૪પ મિનિટ થયો છે આ દરિયાઈ વિમાન (ફલોટ પ્લેન) ચૌદ પ્રવાસીઓ સાથે દરરોજ આઠ સફર ખેડશે. ભવિષ્યમાં ગુજરાતમાં ધરોઈ બંધ (જિ.મહેસાણા) અને તાપી નદી (જિ.સુરત/તાપી)માં પણ આ નવતર સેવાઓ શરૂ થશે.

ક્રૂઝ પર પ્રથમ કથાપ્રસંગ

ક્રૂઝ સફર આમ તો વૈભવી પ્રવાસન પ્રકાર ગણાય. સામાન્યતઃ ભારતીયો લાંબી સફર પસંદ કરતા નથી. ચાર–પાંચ રાત્રિનું પેકેજ આદર્શ મનાય છે. શ્રીમંતોને આંતરરાષ્ટ્રિય અને ઉચ્ચ મધ્યમ વર્ગને પ્રાદેશિક ક્રૂઝ ટૂર પરવડી શકે. જ્યારે સામાન્ય વર્ગ માટે મુંબઈ કે ગોવાના દરિયામાં બે–ત્રણ કલાક માટે સહેલ કરાવતી સ્થાનિક ટૂર આશીર્વાદ રૂપ છે. આ લખનારને પણ ર૦૦પમાં દીપાવલી તહેવારો પર ગોવા–મહાબળેશ્વરના દસ દિવસીય પ્રવાસ દરમ્યાન ૪થી નવેમ્બરની ઢળતી સંધ્યાએ પણજીના અખાતમાં ક્રૂઝની રોમાંચક સામુદ્રિક સફર માણ્યાનું સ્મરણ તાજું થાય છે.

માનસમર્મજ્ઞ મોરારીબાપુએ જલ–થલ–નભ પર કથાઓ કરી છે. સ્ટીમર, વિમાન અને પર્વત પર કથાઓ કર્યા પછી ટ્રેન અને ક્રૂઝ માધ્યમ બાકી હતાં. ક્રૂઝ પર પ્રથમ કથા કરવાનું માન કદાચિત્ દ્વારકેશલાલજી મહારાજ (વડોદરા)ને જાય છે. અમેરિકી ભારતીયો માટે ૧૦મીથી ૧૭મી સપ્ટેમ્બર,ર૦૧૦ દરમ્યાન ‘સેલિબ્રિટી ક્રૂઝ’ (અલાસ્કા) પર એમના વ્યાસાસને કૃષ્ણ ચરિત્રામૃતનું આયોજન થયેલું.



## ‘કેલિડોસ્કોપ’

કટારલેખક ભરત ‘કુમાર’ પ્રા. ઠાકર
શિવમ, ૪૦, વૃંદાવન નગર-૧,
વૈશાલી સિનેમા રોડ, અંજાર, જી. કચ્છ-૩૭૦૧૧૦.
૦૯૪ર૭રર૩૧પ૦ / ૦ર૮૩૬-ર૪૦ ૧૩૯

# “સત્યની સુવાસ”



સંપાદક : દિપક આશરા
કોલમનું નામ : સત્યની સુવાસ
manajigo@gmail.com

આજનું ચિંતનઃ

ચિંતન અત્તા ચરાચરાગ્રહણાત્ ।

ઉપરોકત શ્લોક છાંદોગ્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

પરમાત્મા સુખ દુઃખના ઉપભોક્તા નથી તો પણ એમને ભોજન કરનારા કહ્યા છે. એનો અર્થ જરાક જુદો છે. એ જડચેતનાત્મક સમસ્ત જગતને ધારણ કરે છે અને સૌને પોતાની અંદર વિલીન કરી દે છે. એ કાળના પણ કાળ, મહાકાળ હોવાથી સૌને પોતાના વિશાળ ઉદરમાં સમાવી લે છે. સ્થૂળ શબ્દોમાં કહીએ તો એ સર્વભક્ષી બનીને સૌનું ભક્ષણ કરી જાય છે માટે અત્તા છે. પ્રત્યેક પળ એમના મુખમાં પ્રવેશી રહી છે. કેટલાય સામ્રાજ્યો અને સંસ્કૃતિ પ્રવાહોને એમણે પોતાની અંદર સમાવી લીધા છે. અહીં પરમાત્માને જ અને એ પણ સૌના સંહારક ન રૂપમાં, અત્તા કે ભોક્તા કહેલા છે.

પરમાત્મા ચેતન અને સૌના હૃદયમાં નિવાસ કરે છે તેમ છતાં પણ સુખદુઃખનો અનુભવ કરતા નથી. એ સૌની અંદર જ વિરાજમાન હોવા છતાં પણ સૌના દોષોથી અલિપ્ત અને સુખદુઃખથી અતીત છે. એમની અંદર કર્તાપણા નું અભિમાન અથવા ભોકતત્વ નથી.

સુવિચારઃ

(૧) દ્વાર પર ટકોરા જ ન મારો ત્યાં સુધી, દ્વાર ખુલવાની આશા કઈ રીતે રાખી શકો. – શ્રી લંકાની કહેવત

(ર) એક માણસ બીજા માણસ પર ઉપકાર કરે છે તે તેની પોતાની માણસાઈની શોભા છે. – ભૂપત વડોદરિયા

(૩) દુઆ કરો કે સલામત રહે મેરી હિમ્મત.... યે એક ચિરાગ.... કંઈ આંધિયોં પર ભારી હૈ. – ગુલઝાર

(૪) “અંદરની કેડી” એકવાર દેખાય પછી માણસ માટે ભીડમાં પણ એકાંત છીનવાઈ જતું નથી. – બોદ્ધિવૃક્ષ

(પ) કોઈ સંવાદ વગર પણ સંતાનો માતાપિતા ના જીવનમાંથી સારાનરસા સંદેશા ઝીલે એવું પણ બને છે.

આજનું ઔષધઃ

પચાસ મિલી કાકડીના તાજા રસમાં બે લીંબુનો રસ સિંધવ મિઠું સાથે મિક્સ કરી સવારસાંજ પીવાથી પથરી ઓગળીને બહાર નીકળી જાય છે.

બોધકથાઃ

અબ્રાહમ લંકન ત્યારે વકીલાત કરતા હતા અને ખ્યાતનામ વકીલ તરીકે જાણીતા હતા. એક દિવસ એક માણસ તેમની પાસે પોતાનો કેસ લઈને આવ્યો. લિંકને કેસની સઘળી વિગતો જાણી લીધી અને પછી કહ્યુંઃ ભાઈ, તારો કેસ મેં બરાબર સમજી લીધો છે. ધંધાકીય દ્રષ્ટિએ જોતાં તારો કેસ મજબૂત છે, પણ નૈતિક દ્રષ્ટિએ જોતાં તે જરૂર નબળો ગણાય. મારાથી તારો કેસ હાથ પર નહીં લઈ શકાય. તારો કેસ લડતાં હરપળે હું કાંઈક અજુગતું કરું છું એમ મને લાગતું રહેશે. મારો અંતર આત્મા કહેશે ’લિંકન તું જુઠ્ઠો છે ! સાવ જુઠ્ઠો!’ મારા અંતરાત્માનો એ ડંખ હું નહીં જીરવી શકું. હું મારા વ્યવસાયમાં નુકશાન કરી શકું, પણ મારા અંતરાત્માના અવાજને દબાવી ન શકું!’

હાસ્યકણિકાઃ

કાચની પ્લેટ તૂટયા પછી પણ ઘરમાં જો બિલકુલ શાંતિ હોય તો સમજવું કે પ્લેટ પત્નીથી તૂટી છે અને વાંક પ્લેટનો જ હતો.

શબ્દમંથનઃ

WRESTLER – રેસ્લર - કુસ્તીબાજ

GULF – ગલ્ફ – અખાત/ખાડી

CANYON – કેન્યોન - ખીણ

RECIPE – રેસીપી – ખાવાની વાનગી બનાવવાની રીત

MOTTO – મોટો – સૂત્ર/આશય

# સુલતાન મોહમ્મદ ઘોરીને મારનાર કોણ ?





વિજય બી. પારેગી

સોમેશ્વર ચૌહાણવંશના રાજા હતા. એમની વીરતા, કીર્તિકલા સુવર્ણ અક્ષરે અંકિત થયેલી છે. એમની રાજધાની અજમેર હતી. ન્યાયનીતિ માટે તેમની શાસનપ્રણાલી પ્રસંશનીય હતી. તેમના શાસનકાળમાં અજમેરનો વૈભવ, પ્રતાપસૂર્ય પુર્ણ કળાએ ઉગેલો હતો. દૂર દૂર સુધી ડંકો વાગતો હતો. એ વખતે દિલ્લીના અનંગપાલે અજમેરના રાજા સોમેશ્વર પાસે મદદ માંગી. સોમેશ્વરે વીરતા બતાવી દુશ્મનોને પરાજીત કર્યા. એમની વીરતા ઉપર મુગ્ધ થયેલા અનંગપાલે પોતાની પુત્રીના વિવાહ કરી દીધા. કમલા અને સોમેશ્વરનો પુત્ર એટલે મહાન યોદ્ધા પૃથ્વીરાજ ચૌહાણ. બીજી પુત્રીના લગ્ન કન્નૌજના રાજા વિજયપાલ સાથે થયાં હતાં, ત્યાં જયચંદનો જન્મ થયો હતો. અનંગપાલે પૌત્ર પૃથ્વીરાજને દત્તક લીધા. જયચંદને માઠું લાગ્યું. બાદમાં, જયચંદે એક યજ્ઞાનું આયોજન કર્યું અને પુત્રી સંયોગિતાનો સ્વયંવર રાખ્યો. પૃથ્વીરાજ યજ્ઞમાં ન આવ્યા. ક્રોધિત જયચંદે પૃથ્વીરાજની મૂર્તિ દરવાજા પર મૂકી દીધી. સંયોગિતા પહેલાથી જ પૃથ્વીરાજને પસંદ કરતી હતી. સંયોગિતાએ મૂર્તિ પર માળા ચઢાવીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો. બાદમાં પૃથ્વીરાજ આવ્યા, લડ્યા અને સંયોગિતાને દિલ્હી લઈ આવ્યા. તેમનું ધ્યાન સંયોગિતા પર વધુ હતું. આ દરમિયાન જ મોહમ્મદ ઘોરીનો હુમલો થયો. પૃથ્વીરાજે ઘોરીને હરાવીને છોડી દીધો. ઘોરીએ ફરી હુમલો કરીને પૃથ્વીરાજને પકડી લીધા અને તેમને ગઝની લઈ જવામાં આવ્યો. પાછળથી કવિ ચંદ બરદાઈ પણ ગઝની પહોંચ્યા. ચંદ બરદાઈના કહેવા પ્રમાણે, પૃથ્વીરાજે પહેલાં ઘોરીને તીર વડે માર્યો અને પછી એકબીજાને મારી મૃત્યુ પામ્યા. આવું વર્ણન પૃથ્વીરાજ રાસોમાં કવિતારૂપે વર્ણવેલ છે, જે લોકવાર્તાઓમાં ગણાય છે અને એક મોટા વર્ગ માટે વાસ્તવિકતા પણ છે. પરંતુ જાણીતા વિદ્વાનો અને ઈતિહાસવિદો આને સાચું માનતા નથી.

કાવ્યના અનેક સાહિત્ય પ્રકાર છે. એમાંનું એક છે પ્રશસ્તિ કાવ્ય. જેમાં રાજા-મહારાજા, બાદશાહોઓની પ્રશંસા માટે કવિતાની રચના કરી કવિઓ પેટિયું રળતા હતા. ચંદ બરદાઈ પૃથ્વીરાજના દરબારનો આવો જ પ્રથમ હરોળનો એક કવિ હતો. તેણે પૃથ્વીરાજ રાસો નામના કાવ્યની રચના કરી. કાવ્ય એ ઈતિહાસ નથી. એટલે જ તો રાજસ્થાનના પ્રખ્યાત ઈતિહાસકાર ડૉ.જી.એચ.ઓઝાએ પણ કહ્યું હતું કે, પૃથ્વીરાજ રાસો તથ્યોથી દૂર છે. ઈતિહાસવિદ અને મહાન વિદ્વાન આચાર્ય રામચંદ્ર શુક્લએ લખ્યું છે કે, પૃથ્વીરાજ રાસોમાં આપેલા વર્ષોનો ઐતિહાસિક તથ્યો સાથે મેળ ખાતા નથી. આવી સ્થિતિમાં, પૃથ્વીરાજ યુગના લેખન વિશે શંકા છે. ઘણા વિદ્વાનોએ આ કારણોને પૃથ્વીરાજ રાસોને ૧૬મી સદીમાં લખેલા નકલી લખાણ તરીકે ગણાવ્યું છે. કેમ કે એમાં પૃથ્વીરાજ ચૌહાણના શાસનની બે સદી પછીના શાસકોનો ઉલ્લેખ છે, માટે શંકા વધુ મજબુત કરે છે.

પૃથ્વીરાજ ચૌહાણની લોકપ્રિય વાર્તા કાલ્પનિક છે કે વાસ્તવિક ? ઈતિહાસના પુસ્તકોમાં શું નોંધાયેલું છે અને તેમની કેટલીક વાર્તાઓને કવિની કલ્પના અને વાસ્તવિકતા કહેનારાઓની દલીલો શું છે ? એ સમજવાનો પ્રયત્ન કરીએ. મધ્યકાલીન ભારતનો ઈતિહાસ પુસ્તકમાં ઈતિહાસકાર સતિષચંદ્ર લખે છે કે, "પૃથ્વીરાજે ત્રણ લાખની સેના ઉતારી, જેમાં ઘોડેસવારોની સંખ્યા વધુ હતી અને ત્રણસો હાથી હતા. ભારતીય સેનાની સંખ્યા વધુ હતી પરંતુ મોહમ્મદ ઘોરીની સેનાનું નેતૃત્વ વધુ સારું હતું એટલે યુદ્ધમાં ભારતીય સૈનિકો મોટી સંખ્યામાં શહીદ થયા હતા. આગળ લખ્યું છે કે, "પૃથ્વીરાજ યુદ્ધમાંથી ભાગી ગયો, પણ સિરસા પાસે પકડાઈ ગયો. સેનાએ હાંસી, સરસ્વતી અને સમાના કિલ્લાઓ પર કબજો કર્યો. પછી અજમેર પર હુમલો કર્યો અને ત્યાં પણ કબજો કર્યો. સતિષચંદ્રના પુસ્તક મધ્યકાલીન ભારતના પૃ.૬૮ પર લખ્યું છે કે, "થોડા દિવસો પછી પૃથ્વીરાજને કહેવાતા કાવતરાના આરોપમાં ફાંસી આપવામાં આવી. આગળ આ પુસ્તકમાં નોંધ્યું છે કે, મોહમ્મદ ઘોરીએ ઈ.સ.૧૨૦૬માં ખખ્ખરો સામે પોતાનું છેલ્લું અભિયાન ચલાવ્યું અને ઘણું લોહી વહાવ્યું. પરંતુ જ્યારે મોહમ્મદ ઘોરી ગઝની પરત ફરી રહ્યો હતો ત્યારે તેને મારી નાખ્યો. જીતેન્દ્ર પટેલ "ભારતના સમ્રાટો" પુસ્તકના પૃ.૧૪૧ ઉપર લખે છે કે, દગો કરીને ભારત પર વિજય મેળવનાર દગાબાજ ઘોરીનો અંત પણ દગાથી આવ્યો. સિંધુ નદીના કાંઠે દિમાક નામના સ્થાને એક સાંજે ગોરી નમાઝ પઢી રહ્યો હતો ત્યારે કેટલાક લોકોએ તેને મોતને ઘાટ ઉતારી દીધો. તો ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીનો માનવું છે કે ઘોરીને ઠાર કરનાર લોહાણા સમાજના લોકો હતા. ઘોરી માત્ર કમોતે જ ન મર્યો એ નિઃસંતાન પણ મર્યો અનીતિના માર્ગે મેળવેલા રાજ્યને ભોગવવા એનો કોઈ વારસદાર ન રહ્યો. ૧૨મી સદીનો ઈતિહાસવિદ હસનનિઝામીના પુસ્તક "તાજાલમઆસિર" પૃ ૨૩૫-૩૬ પ્રમાણે, "ઘોરીની હાલત તેના વતનમાં કફોડી હતી. મધ્ય એશિયાના તેના દુશ્મનો તેને શાંતિથી જંપવા દે એમ નહતા. પંજાબના બંડખોર લોકોને આ વાતની ખબર પડી જતાં તેમણે ઈ.સ.૧૨૦૬માં બળવો કર્યો. ઘોરીના એક અમલદારે મુલતાનામાંના હાકેમનું ખૂન કર્યું અને પોતે સ્વતંત્ર શાસક હોવાની જાહેરાત કરી. લાહોર અને ગઝના વચ્ચે રહેતી ખખ્ખરો અને અન્ય તોફાની ટોળીએ ચિનાબ અને જેલમ નદી વચ્ચેના પ્રદેશમાં લૂંટ ચલાવી. આથી ઘોરીને પંજાબમાં આવવાની ફરજ પડી. ત્યાં તેણે કુતુબુદ્દીનને પણ બોલાવ્યો અને બંને સાથે મળીને તોફાન દબાવી દીધું. તે પછી તે ગઝના જતો હતો ત્યારે રસ્તામાં સિંધુ નદીના કિનારે આરામ માટે છાવણી નાખી પડ્યો હતો ત્યારે સંધ્યા સમયે ખખ્ખર લોકોની એક ટુકડીએ તેના તંબુમાં ઘુસી જઈને તેનું ખૂન કર્યું." જ્યારે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત ઈતિહાસવિદ ડૉ.છોટુભાઈ નાયકના મધ્યયુગીન ભારત ખંડ-૧ પુસ્તકના પૃ.૮૬માં નોંધ જોવા મળે છે કે, પૃથ્વીરાજને મારી નંખાયા પછી દિલ્હી વિજેતાઓના હાથમાં ગયું. ત્યાંના લોકોની કતલ કરવામાં આવી. તો અમુક લોકોને ગુલામ તરીકે ગજના લઈ જઈ વેચવામાં આવ્યા. ચંદ બરદાઈ મુજબ પૃથ્વીરાજને ગજના લઈ જવામાં આવ્યા તેમણે ત્યાં પોતાની ચાતુરી બાણવિદ્યા દાખવતાં સુલતાનને વીંધી નાખ્યો અને પરિણામે તેના ટુકડા કરી નાખવામાં આવ્યા. આ વાત ખોટી છે સુલતાન શિહાબુદ્દીનને ખખ્ખરોએ ઈ.સ.૧૨૦૬માં મારી નાખ્યો હતો." અન્ય ઈતિહાસવિદો પણ પૃથ્વીરાજને ગઝના લઈ જવા બાબતે સમર્થન કરતા નથી. જે સુલતાનને ખખ્ખરોએ અફઘાન જતાં પહેલાં જ મારી નાખ્યો હતો એને પૃથ્વીરાજે કઈ રીતે માર્યો હશે?

ઈતિહાસ અને ઐતિહાસિક નાયકોને લગતાં તથ્યોને લઈને વિવાદો થયા છે, પરંતુ જરૂર એ છે કે ઈતિહાસને ઈતિહાસના દર્પણમાં જોવો જોઈએ, વર્તમાન માપદંડો અને વર્ણનના આધારે નહીં. પુસ્તકો સાથે દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી એવા લોકો ફિલ્મને જ ઈતિહાસ સમજતા હોય છે. બોલિવુડની ફિલ્મ સમ્રાટ પૃથ્વીરાજ હમણાં ચર્ચામાં છે. ગુર્જર અને રાજપૂતો વચ્ચેના વિવાદને કારણે ડાયરેક્ટરને ફિલ્મમાં પૃથ્વીરાજની પાછળ ચૌહાણ લગાવવું ઉચિત નથી લાગ્યું. પૃથ્વીરાજ મહાન રાજાઓમાંના એક છે. હિન્દુ શાસક તરીકે એમણે બહોળા પ્રમાણમાં રાજ્યનો વિસ્તાર કર્યો હતો. પણ વર્તમાન સમયમાં ફિલ્મનો આધાર બનાવી, તેને ટેક્સ ફ્રી કરીને ફક્ત હિન્દુ વિ.મુસ્લિમનું વાતાવરણ ઉભું કરવું રાજકીય મંછા સિવાય કશું જ નજરે ચડતું નથી.

# "કવિ અને કવિતા"

સંપાદક : જેતસીભાઈ ગ્રામશિલ્પી

## ગઝલઃ હકીકત છે

હવે આગળ કશે રસ્તો નથી, એ પણ હકીકત છે,
હું પાછો ક્યાંયથી વળતો નથી, એ પણ હકીકત છે.

સતત ફરિયાદ, ઈર્ષાઓ, સખત પીડા ને સીમાઓ,
છતાં આ જિંદગી ધક્કો નથી, એ પણ હકીકત છે.

બધી ડાળે બહારો છે, બગીચાઓય મહેંકે છે,
અને ત્યાં નામનો ટહુકો નથી, એ પણ હકીકત છે.

સમય જ્યારે મળે ત્યારે તને સંભારતો રહુ છું,
સમય ક્યારેય પણ હોતો નથી, એ પણ હકીકત છે.

ભલે એમાંય છે તોફાન, ભરતી, ઓટ, મોજા, 'પ્રેમ',
છતાં આ આંખ એ દરિયો નથી, એ પણ હકીકત છે.

– જિગર જોષી 'પ્રેમ'

## ગીતઃ આ કેવી નીંદર

આ કેવી નીંદર જેમાંથી જાગ્યા પણ ના જાગ્યા
આટઆટલું દીધું એણે; તોય અખેવન માગ્યા!

હથેળીઓના દરિયા જેનાં તળ ના લાગ્યાં હાથ
જે મૂક્યું તે ડૂબ્યું એમાં, આ તે કેવી ઘાત!
માયાનાં મોજામાં સૌએ પગ પલાળ્યે રાખ્યા.

આંખો આપી, દૃષ્ટિ દીધી; તોય ન જાણ્યું સત
'જીવ'માં કોણે પાડ્યા અક્ષર; કોણે લખિયો ખત?
મંદિરિયા પર 'ધજા' નામને ફરફરતાં બસ રાખ્યા.

– જિગર જોષી 'પ્રેમ'

## ગઝલ

એવું ગજું નથી કે છુપાવું આ ઘાવને,
તસવીર જેમ ટાંગશું તારા અભાવને.

આઘેથી એક મત્સ્યપરી જોઈ ને પછી,
દરિયાને કીધું, 'એય ! પરિચય કરાવને !'

હોઠોનાં સૌ કમાડ કરીને જરાક બંધ,
કેવું સરસ એ મૌનમાં બોલી'તી, 'જાવ ને !'

ઈચ્છા તો છેલ્લી એ જ કે દર્દોનું ઘર મળે,
દુઃખતી રગોને સહેજ તું પાછી દબાવને.

તારા સ્મરણથી કાલ છલોછલ ભર્યું'તું જે,
જોયા કરું છું આજ એ ખાલી તળાવને.

પીળાશ પાનખર સમું ક્યાયે કશું નથી
કમળો થયો છે 'પ્રેમ' તમારા સ્વભાવને..

– જિગર જોષી 'પ્રેમ'

### રાજયસભાની ચુંટણી

# મહારાષ્ટ્રમાં છઠ્ઠી બેઠક માટે પેંચ ફસાયો, ૨૯ ધારાસભ્યોના હાથમાં જીતની ચાવી

## મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ખુદ મોરચો સંભાળ્યો છે અને તે તમામ ધારાસભ્યોનો સંપર્ક કરી રહ્યાં છે

રાજયસભાની ૧૬ બેઠકો પર ચાર રાજયોમાં ૧૦ જુને મતદાન થનાર છે.તેમાં હરિયાણા રાજસ્થાના કર્ણાટક અનો મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.ત્રણેય રાજયોમાં એક એક બેઠક ફસાઇ છે અને મુકાબલો ભાજપ અનો કોંગ્રેસની વચ્ચે જયારે મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના આમને સામને છે અને રાજનીતિક દાવપેચથી લઈ રિઝોર્ટ પોલિટિકસ કરવામાં આવી રહી છે.ચુંટણી પહેલા આ રાજયોમાં ધારાસભ્યોને સાધવા માટે વાડાબંધી પણ કરવામાં આવી રહી છે.

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસોનાની વચ્ચે ભારે મુકાબલો છે અહીં છઠ્ઠી બેઠક પર જીતની ચાવી ૨૯ ધારાસભ્યોના હાથમાં છે તેમાં ૧૩ અપક્ષ છે અને ૧૬ ધારાસભ્ય નાના પક્ષોથી આવે છે.મહારાષ્ટ્રમાં અઢી વર્ષ બાદ એકવાર ફરી ધારાસભ્યોની વાડાબંધી કરવામાં આવી રહી છે રાજયની છ રાજયસભા બેઠકો પર ચુંટણી થઈ રહી છે તેમાં બે બેઠકો ભાજપ સરળતાથી જીતશે જયારે એક એક બેઠક પર શિવસોના એનસીપી અને કોંગ્રેસની જીત નકકી છે.જયારે ભાજપો ત્રણ અનો શિવસેનાએ બે ઉમેદવાર ઉતાર્યા છે.તેને કારણે છઠ્ઠી બેઠક પર પેચ ફસાયો છે અને ધમાસાન તેજ થઈ ગયો છે.શિવસેનાથી સંજય પવારને ફરી ઉમેદવાર બનાવ્યા છે તો ભાજપ ધનંજય મહાદિકને ત્રીજો ઉમેદવાર બનાવ્યા છે.

મહારાષ્ટ્ર વિધાનાસભાના આંકડાનો હિસાબથી રાજયસભામાં એક ઉમેદવારને જીત માટે લગભગ ૪૨ મતની જરૂરત રહે છે વર્તમાન સામીકરણનો જોતા ભાજપની વિધાનસભામાં ૧૦૬ બેઠકો છે આવામાં તો બો બોઠકો પર સરળતાથી જીતી શકે છે આ ઉપરાંત પાર્ટીની પાસે ૨૨ મત વધારાના બચશે જેને કારણે તેને પોતાના ત્રીજો ઉમેદવારને જીતડવા માટે સાત અપક્ષો પણ સમર્થન આપવાનો વિશ્વાસ આપ્યો છે. ભાજપે આ અપક્ષ ધારાસભ્યોને પોતાની સાથે લઈ લીદા છે જો કે આ એટલું સરળ નથી કારણ કે હજુ પણ જીત માટે પાર્ટીને ૧૩ મતની વધુ જરૂર છે આવામાં ભાજપની નજર નાના પક્ષો પર છે જો તેમનો સાથે મળે તો ભાજપ આ મુકાબલો સરળતાથી જીતી શકે છે

જયારે મહાઅઘાડી ગઠબંધનની વાત કરીએ તો તે પણ મુકાબલામાં સખ્ત ટક્કર આપી રહી છે.શિવસેનાની વિધાનસભામાં કુલ ૫૫,એનાસીપીના ૫૪ અનો કોંગ્રેસના કુલ ૪૪ ધારાસભ્ય છે ગઠબંધનના ત્રણેય પક્ષ એક એક બેઠક સરળતાથી જીતી રહી છે ત્યારબાદ શિવસોનાના ૧૩,એનાસીપીના ૧૨ અનો કોંગ્રેસના બે મત વધારાના બચે છે. આ રીતે કુલ ૨૭ મત ગઠબંધનની પાસે છે પરંતુ જીત માટે કુલ ૪૨ મત જોઈએ આવામાં તેને ૧૫ મતોની વધુ જરૂરત પડશે આ કારણે શિવસોનાએ બીજી બોઠક માટે પોતાના નાકનો સવાલ બનાવી લીધો છે.

શિવસોના પ્રમુખ અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ખુદ મોરચો સંભાળ્યો છે અને તે તમામ ધારાસભ્યોનો સંપર્ક કરી રહ્યાં છે ઉદ્ધવ ઠાકરેએ ગઠબંધનની સાથે તમામ ધારાસભ્યોની સાથે સાથે અપક્ષ અનો નાના પક્ષોના ધારાસભ્યોની સરકારી આવાસ પર બેઠક બોલાવી આ રીતે ખાસ રીતે કોંગ્રેસના ધારાસભ્ય પણ સાથે રહ્યાં ઉદ્ધવની નજર અપક્ષ ધારાસભઊયો પર પણ છે તેના માટે પાર્ટીએ ખાસ યોજના બનાવી છે કહેવાય છે કે કેટલાક અપક્ષ ધારાસભ્યોએ શિવસેનાનો સંપર્ક કર્યો છે.શિવસેના આ ધારાસભ્યોને ફાઈવ સ્ટારમાં લઈ જઈ રહી છે.

રાજયમાં બહુજન વિકાસ અઘાડીના ત્રણ, એઆઈએમઆઈએમના બો, પીજેપીના બે, સપાના બે, કેએસપીનો એક, પીડબ્લ્યુપીનો એક, એસએસએસનો એક,જેએસએસનો એક, સીપીઆઈનો એક, એમએનએસનો એક અને ૧૩ ધારાસભ્યો અપક્ષ છે.

૧૬ ધારાસભ્યો નાના પક્ષોમાંથી આવી છે જયારે ૧૩ અપક્ષોને જોડી દેવામાં આવે તો આ સંખ્યા ૨૯ પહોંચી રહી છે આથી ભાજપ અને શિવસેના બંન્ને જ આ ધારાસભ્યોને પોતાના પાલામાં લાવવાની કવાયતમાં છે કારણ કે તેઓ જ જીતનો આધાર નક્કી કરશે

# ૧૩ વર્ષ જૂના કેસમાં લાલુ પ્રસાદ યાદવને રાહત, કોર્ટે દંડ ફટકારી કેસ ખતમ કર્યો



બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના ચીફ લાલુ પ્રસાદ યાદવ આજે પાલમુ કોર્ટમાં હાજર થયા હતા. આચારસંહિતા ભંગના કેસમાં તેઓ કોર્ટમાં હાજર થયા. ૧૩ વર્ષ જૂના આ કેસમાં કોર્ટે તેમના પર ૬ હજાર રૂપિયાનો દંડ ફટકારીને કેસ ખતમ કરી દીધો છે.

તેઓ નિર્ધારિત સમયે પલામુ કોર્ટ પહોંચીને આઠ વાગે કોર્ટમાંથી બહાર નીકળી ગયા હતા. તેમણે જો કે પત્રકારોના કોઈ પણ પ્રશ્નનો જવાબ આપ્યો નહીં. તેઓ એમપી એમએલએની વિશેષ કોર્ટ સતીષ મુંડાની કોર્ટમાં હાજર થયા. લાલુ પ્રસાદ યાદવ લગભગ ૨૮ મિનિટ સુધી કોર્ટમાં હાજર રહ્યા હતા.

અત્રે જણાવવાનું કે લાલુ પ્રસાદ યાદવ આ કેસમાં દોઢ મહિનો અગાઉ જેલમાં જઈ ચૂક્યા છે. ૭ હજારના પર્સનલ બોન્ડ પર જામીન સાથે આ કેસને ખતમ કરી દેવાયો. વર્ષ ૨૦૦૯માં ગઢવાના ટાઉન હોલમાં ચૂંટણી સભા દરમિયાન લાલુએ મંજૂરી વગર હેલિકોપ્ટર લેન્ડ કરાવ્યું હતું જેના કારણે ત્યાં અફડાતફડીનો માહોલ ઊભો થયો હતો. લાલુના વકીલ પપ્પુ સિંહે કહ્યું કે આજે તેઓ પલામુના એમપી-એમએલએના સતીષ મુંડાની કોર્ટમાં હાજર થયા હતા. તેમને ૬ હજારનો દંડ કરી છોડી મૂકવામાં આવ્યા અને આ કેસ અહીં જ પૂરો થઈ ગયો.

લાલુ પ્રસાદ યાદવ હાલ ઝારખંડના પ્રવાસે છે. તેઓ પલામુ જિલ્લાના સર્કિટ હાઉસમાં રોકાયા છે. સોમવારે હેલિકોપ્ટરથી પલામુ જિલ્લા મુખ્યાલયના ચિયાંકી એરપોર્ટ પહોંચ્યા તો તેમના સ્વાગતમાં આરજેડી નેતાઓ અને કાર્યકરો તથા સમર્થકો ઉમટી પડ્યા હતા.

### રાજયસભાની ચુંટણી

# ત્રણ રાજયોના ધારાસભ્યો આલિશાન જિંદગી માણી રહ્યા છે, મોંઘીદાટ હોટલ-રિઝોર્ટમાં 'મહેમાનગતિ' થઈ રહી છે

૧૦ જૂને રાજયસભા ચૂંટણી યોજાવવાની છે. તે પહેલા હાલ રિઝોર્ટ પોલિટિક્સ ખુબ ચર્ચામાં છે. ત્રણ રાજ્યો મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હરિયાણામાં ચૂંટણીને લઈને માહોલ ગરમ છે કારણ કે કાંટાની ટક્કર છે. પોત પોતાના વિધાયકોને બચાવવા માટે પક્ષોમાં હોડ મચી છે. શિવસેના, કોંગ્રેસ અને ભાજપ જેવા પક્ષો પોતાના વિધાયકોને સુરક્ષિત કરવા માટે રિઝોર્ટ અને ફાઈવ સ્ટાર હોટલમાં રાખી રહ્યા છે જેથી કરીને તેઓ તેમના પડખે જ રહે.



વિધાયકોની મહેમાનગતિમાં કોઈ કસર બાકી રખાતી નથી. તેમને એકથી એક ચડિયાતી સુવિધાઓ અપાઈ રહી છે. મોંઘીદાટ ગેમ, અને પૂલમાં સ્પ્લેશ....ખુબ રિઝોર્ટ પોલિટિક્સ થઈ રહ્યું છે. રાજસ્થાન કોંગ્રેસના વિધાયકો ૨ જૂનથી ઉદયપુરના તાજ અરાવલી રિઝોર્ટ અને સ્પામાં રોકાયેલા છે. પાર્ટીના ધારાસભ્યો અહીં જ જન્મદિવસ મનાવે છે, ફિલ્મો જૂએ છે, અંતાક્ષરી રમે છે.

રિઝોર્ટની કેટલીક તસવીરો પણ સામે આવી છે. જેમાં કોંગ્રેસના ઉમેદવાર રણદીપ સૂરજેવાલા, પ્રમોદી તિવારી અને મુકુલ વાસનિક મુખ્યમંત્રી અશોક ગહેલોત અને પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ સાથે મેજિક શોનો આનંદ લઈ રહ્યા છે. કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે જેમાં કોંગ્રેસના વિધાયક સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણી રહ્યા છે. કેટલાક વિધાયકો સિંગર બનીને મ્યૂઝિકનો પણ આનંદ લઈ રહ્યા છે તો કેટલાક સ્વિમિંગ પૂલમાં જોવા મળ્યા.

હવે જો ભાજપની વાત કરીએ તો ભાજપે પોતાના ધારાસભ્યોને જયપુરની દેવી રત્ન હોટલમાં રોક્યા છે. ભાજપના સૂત્રોના હવાલે જણાવ્યું છે કે ૬થી ૯ જૂન વચ્ચે ધારાસભ્યો પાર્ટીની વિચારધારા, મિશન ૨૦૨૩ અને મોદી સરકારના ૮ વર્ષ પર ૧૨ સેશનને અટેન્ડ કરી રહ્યા છે. દરરોજ ૬થી ૯ વાગે રાજ્યસભામાં મતદાન કરવા અંગે ધારાસભ્યોને ટ્રેનિંગ પણ અપાઈ રહી છે.

રાજસ્થાન ભાજપના અધ્ક્ષ સતીષ પુનિયા કોંગ્રેસ પર નિશાન સાધતા એમ પણ કહ્યું કે સમગ્ર રાજસ્થાન જોઈ રહ્યું છે કે કોંગ્રેસના ધારાસભ્યો શું કરે છે. પૂલમાં ચિલ કરવું, નાચવું, ગાવું, અને ખાવું. તેમની પાસે વીજળી સંકટનો તો કોઈ જવાબ નથી,લોકો પાણી માટે આમ તેમ ભાગી રહ્યા છે અને આ લોકો પૂલમાં સ્વિમિંગ કરી રહ્યા છે.

છત્તીસગઢમાં પણ એ હાલ છે. રાયપુરના મેફેયર લેક રિઝોર્ટની પણ તસવીરો સામે આવી છે. જ્યાં કોંગ્રેસે હરિયાણાના ધારાસભ્યોને રાખ્યા છે. વિધાયકો ૨ જૂનના રોજ ચાર્ટર્ડ ફ્લાઈટથી દિલ્હીથી રાયપુરના રિઝોર્ટમાં પહોંચ્યા. તેઓ ૧૦ જૂનના રોજ રાયપુરથી પાછા ચંડીગઢ જવા નીકળશે. જો કે પાર્ટી તેમને આટલા જલદી ઘરે મોકલશે નહીં. તેઓ એરપોર્ટથી હરિયાણા વિધાનસભા જશે. જ્યાં રાજ્યસભા ચૂંટણી માટે મતદાન કરશે. એઆઈસીસી પર્યવેક્ષક રાજીવ શુક્લા, ભૂપેન્દર હૂડા અને કોંગ્રેસ ઉમેદવાર અજય માકન પણ વિધાયકો સાથે વાત કરવા અને એકજૂથતા સાધવા માટે રાયપુર પહોંચ્યા છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યાં મુજબ આ વિધાયકો તળાવ કિનારે સવાર સાંજ વોક કરે છે.

મહારાષ્ટ્રની વાત કરીએ તો મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અધ્યક્ષ શરદ પવાર અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જૂન ખડગેએ મંગળવારે ત્રણેય પક્ષોના ધારાસભ્યો સાથે બેઠક કરી. એક બાજુ જ્યાં શિવસેના, એનસીપી અને કોંગ્રેસના એમવીએ ગઠબંધનના નેતાઓએ સમર્થન માટે અપક્ષ ધારાસભ્યો અને નાના પક્ષો સાથે વાત કરી ત્યાં બીજી બાજુ શિવસેનાએ રાજ્યસભા ચૂંટણી પહેલા પોતાના ધારાસભ્યોને પરા વિસ્તાર મલાડના એક રિઝોર્ટથી દક્ષિણ મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં ખસેડવાનો નિર્ણય લીધો છે.

### કાશ્મીરમાં આતંકવાદને

# ખોરાક અને પાણી આપતા ઓવરગ્રાઉન્ડ વર્કર્સ, સુરક્ષા દળોએ ૨૫૦ની ધરપકડ કરી

કાશ્મીર ખીણમાં છેલ્લા કેટલાક મહિનામાં સ્થાનિક હિંદુઓ અને સ્થળાંતર કરનારાઓ પર હુમલાઓ વધી ગયા છે. જેના કારણે સુરક્ષા દળો એલર્ટ છે અને હવે એકશન મોડમાં આવી ગયા છે. સુરક્ષા દળોએ ૨૫૦ ઓવરગ્રાઉન્ડ કામદારોની ધરપકડ કરી છે, જેઓ આતંકવાદીઓને મદદ અથવા માહિતી આપતા હતા. આ લોકોની યુએપીએ અને જાહેર સુરક્ષા કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આમાંથી મોટાભાગના લોકોને જમ્મુ-કાશ્મીરની બહારની જેલમાં રાખવામાં આવ્યા છે. ગયા વર્ષે આ લોકો પર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મે ૨૦૨૧ સુધી વહીવટીતંત્ર દ્વારા માત્ર ૧૫૦ લોકોની ધરપકડ કરવામાં આવીહતી.



પરંતુ છેલ્લા ૫ મહિનામાં તેમના આંકડામાં ઝડપથી વધારો થયો છે. માત્ર મે મહિનામાં જ લગભગ ૫૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨૦૨૦માં ૧૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ લોકો પર આતંકવાદીઓને આંદોલનમાં મદદ કરવાનો આરોપ છે. શસ્ત્રોના પુરવઠામાં મદદ કરી અને રહેવા માટે જગ્યાઓ આપી. ઓવરગ્રાઉન્ડ વર્કર્સ એવા લોકો છે જે સામાન્ય નાગરિકોની જેમ રહે છે, પરંતુ અંદરથી આતંકવાદીઓના સંપર્કમાં છે. સામાન્ય લોકોની જેમ, તેમની નોકરી અને અન્ય પ્રવૃત્તિઓમાં સામેલ થવાને કારણે તેમને ઓળખવા મુશ્કેલ છે.

આવી સ્થિતિમાં ઓવરગ્રાઉન્ડ કામદારો વધુ જોખમી બની જાય છે. ગૃહ મંત્રાલયના એક અધિકારીએ તેમના કામ વિશે જણાવ્યું કે આ લોકો હુમલાખોરની ઓળખ ન કરવાનો પ્રયાસ કરે છે. મોટા ભાગના હુમલાઓમાં હવે નાના હથિયારોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેને તેઓ છુપાવીને રાખે છે. સુરક્ષા દળો માટે દરેકની તપાસ કરવી શક્ય નથી. આવી સ્થિતિમાં આ હથિયારોને લઈ જવામાં સરળતા રહે છે. એક તરફ સુરક્ષા દળો કાશ્મીરમાં હિંસા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે તો બીજી તરફ કેન્દ્ર સરકાર દ્વારા આ ઘટનાઓ પાછળ કોનો હાથ છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

જણાવી દઈએ કે સુરક્ષા દળોએ ૨૪ મેના રોજ અવંતીપોરામાં જૈશ-એ-મોહમ્મદના આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો અને ૮ લોકોની ધરપકડ કરી હતી. આ લોકો પર આતંકવાદીઓને આશ્રય આપવા, સુવિધાઓ પૂરી પાડવા અને હથિયારોની સપ્લાય કરવાનો આરોપ છે. આ લોકોએ આસિફ શેખ અને એજાઝ ભટ નામના બે આતંકવાદીઓને હથિયાર પૂરા પાડ્યા હતા. આ સિવાય અન્ય એક ઓવરગ્રાઉન્ડ વર્કરની દ્વૈંછ દ્વારા ૨૬ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. સુજવાન આતંકી હુમલામાં સામેલ હોવાનો આરોપ લગાવનાર વ્યકિતની ઓળખ આબિદ અહમદ મીર તરીકે થઈ હતી.